

## પાલનપુર રેલવે પ્લેટફોર્મથી ગાંજાના ૬૦ કિલો જથ્થા સાથે એક શખ્સ ઝડપાયો

પાલનપુર રેલવે પ્લેટફોર્મ નં. ૧ પરથી આજે સમી સાંજે ગાંજાના નશીલા જથ્થા સાથે ઓરીસ્સાનો એક શખ્સ પોલીસના હાથે ઝડપાઈ જતાં પોલીસે તેની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

પાલનપુર રેલવે પોલીસ મથકના પીએસઆઈ તેજમલ સોલંકી સ્ટાફ સાથે આજે સાંજે રેલવે પ્લેટ ફોર્મ પર પેટ્રોલીંગમાં હતા ત્યારે અચાનક એક શખ્સને બેગ સાથે જોતા શંકાના આધારે તેની ઉલટ તપાસ કરતા બેગમાંથી ગાંજાનો ૬૦ કિલોથી વધુ જથ્થો જણાતા પોલીસે એલસીબી પોલીસની મદદ લઈ ઝડપાયેલા શખ્સની ધરપકડ કરી પુછપરછ કરતા તે ઓરીસ્સાના શંકર લાભ્મા નાથા શેટ્ટી રહે. સંતોષીનગર, જગદાલપુર જિલ્લો ગંજામનો જથ્થો હોવાનું પોલીસને જણાવ્યું હતું. પોલીસ ઝડપાયેલા ગાંજાની કિંમત ૩,૬૩,૦૦૦ જણાવી વધુ તપાસ હાથ ધરી છે.

# મોડાસા શહેર ચોર - લુટારૂ ગેંગના સકંજામાં

## નગરમાં અસામાજીક તત્વોની લુખ્ખાગીરી : નગરજનોમાં ફફડાટ : રેલવે સ્ટેશનના મેદાનમાં એક્ટીવા શકમંદ હાલતમાં

મોડાસા, તા. ૨૪

અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક મોડાસા શહેરમાં ચોર, લુટારૂ, ઘરફોડીયા, તસ્કરગેંગ અને ચીલઝડપ કરનાર ગેંગ દ્વારા પાછલા ૬ મહિનાથી શહેરના નગરજનો અને રહેણાંક વિસ્તારોને નિશાન બનાવી લૂટ ચલાવીને શહેરનો અને શહેરના પ્રજાજનોને બાનમાં લીધુ છે. શહેરના જાહેર વિસ્તારો અને રહેણાંક એરીયા તેમજ ધંધા રોજગારના સ્થળોએ ચોરી, લૂંટની ઘટનાઓમાં દિનપ્રતિદિન વધારો જોવા મળી રહ્યો છે. મોડાસા બસસ્ટેન્ડમાં ગઠિયાએ દવાના વેપારીને નજર ચુકવી ૭૫ હજાર ભરેલી બેગ લઈ ફરાર થઈ ગયો હતો. અન્ય એક ઈસમના બાઈકના હૂકમાં ભરાવેલ બેગમાં ઉઠાંતરી તેમજ બસસ્ટેન્ડ નજીકથી બાઈકની ઉઠાંતરી સહિતની અનેક ઘટનાઓ બનવા છતાં પોલીસતંત્ર ઘોર નિંદ્રામાં પોઢી રહ્યું છે. શનિવારે માલપુર રોડ પર આવેલા રેલવે સ્ટેન્ડ નજીકના મેદાનમાં કેટલાક લોકોએ એક્ટીવા તોડી નાખી ફરાર થઈ જતા શંકાસ્પદ હાલતમાં પડી રહેલી એક્ટીવાએ નગરજનોમાં ચકચાર ફેલાવી છે.

મોડાસા શહેરના માલપુર રોડ પર આવેલા રેલવે સ્ટેન્ડના મેદાનમાં શુક્રવારે રાત્રીના સમયે આધારભુત સુત્રોના જણાવ્યા અનુસાર મેદાનમાં એક એક્ટીવા (ગાડી નં. જીજે૦૯.સીજી-૬૯૨૨) સ્કૂટર પર આવેલા લોકો અને સાથે જીપકારમાં સવાર શખ્સોએ મેદાનમાં એક્ટીવા મુકી જીપકારમાં અને એક્ટીવા પર બેઠેલા લોકોએ એક્ટીવા પર લાકડીઓ અને હોકીની સ્ટીક તેમજ અન્ય સાધનો વડે તુટી પડી તોડફોડ મચાવી ફરાર થઈ ગયા હતા. નજીકમાં રહેલી ઝુંપડપટ્ટીમાં રમતા બાળકો અને મેદાનમાં ક્રિકેટ રમવા આવેલા ભુલકાઓએ આ અંગે લોકોનું ધ્યાન દોરતા લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા. ત્યારે શહેરીજનોમાં અનેક પ્રશ્નો ઉદ્ભવ્યા હતા કે આ શખ્સો કોણ હશે ? એક્ટીવામાં તોડફોડ કરવાનું કારણ ? એક્ટીવા ચોરીની ઘટનાના અંજામ માટે વપરાઈ હશે ? કે પછી પ્રેમ પ્રકરણ કારણભૂત. એક્ટીવાની પાછળ લોહીના દાગ દેખાતા આ સ્કૂટરનો ઉપયોગ ખૂનની ઘટનાને અંજામ આપવામાં તો નહિ થયો હોય તે જેવા તર્ક વિતર્ક લગાવી રહ્યા હતા. મોડાસા ટાઉન પોલીસ બપોર સુધી આ ઘટનાથી અજાણ હોવાનુ રટણ



કરતી હતી. પોલીસતંત્ર દ્વારા આ રહસ્યમય એક્ટીવા અંગે સઘન તપાસ કરવામાં આવે તોજ સાચી હકીકત બહાર આવી શકે છે.

મોડાસા બસ સ્ટેન્ડમાં હિંમતનગરના વેપારીની નજર ચુકવીને ૭૫ હજાર રૂપિયાની બેગની લુંટ ચલાવી ગઠિયો ફરાર થઈ ગયો હતો તેમજ ત્રણ-ચાર દિવસ અગાઉ જાવેદહુસેન પહોંચીયાની બાઈકના હૂક પર લટકાવેલી બેગ ગઠિયો તફડાવી ફરાર થઈ ગયો હતો તેમજ શનિવારે બસસ્ટેન્ડ વિસ્તારમાંથી બાઈક ચોરાવાની ઘટના બનતા નગરજનોમાં ભયનું વાતાવરણ ઉભુ થયું છે.

# બનાસકાંઠા જિલ્લા પંચાયતની અને તાલુકા પંચાયતની કુલ ચાર બેઠક પર ૬૧.૧૭ ટકા મતદાન

## આઠ ઉમેદવારોનું ભાવી મતદાન પેટી સીલ : શાંતિપૂર્ણ માહોલમાં મતદાન સંપન્ન : જિલ્લા પંચાયત ઢીમા બેઠક ૬૪.૬૨ ટકા મતદાન, જગાણા તાલુકા પંચાયત ૫૨.૭૪ ટકા મતદાન : નાંદોત્રા તાલુકા પંચાયત ૫૫.૩૬ ટકા મતદાન : તેનીવાડા તાલુકા પંચાયત ૫૭.૦૪ ટકા મતદાન

હિંમતનગર, તા. ૨૪

બનાસકાંઠા જિલ્લા પંચાયતની ઉપર ઢીમા બેઠક કોંગ્રેસમાંથી વિજેતા બનેલા ઠાકરસિંહ રબારીને બે થી વધુ બાળકોના મુદ્દે બરતરફ કરવામાં આવ્યા હતા. જેથી ખાલી બેઠકની પેટા ચૂંટણી આજે યોજાઈ હતી. જેમાં ભાજપ-કોંગ્રેસના બે ઉમેદવારો વચ્ચે કશમકશભર્યો જંગ છે. જો કે ઢીમા બેઠક પર ૪૪ મતદાન મથકોએ ૧૯૨૮૯ પુરૂષ અને ૧૭૨૬૮ મહિલાઓ મળી કુલ ૩૬૫૫૭ જેટલા મતદારો છે. આજ સવારે ૮ વાગ્યાથી જિલ્લા પંચાયતની ઢીમા બેઠક પર મતદાન શરૂ કરવામાં આવ્યો હતો. તેમજ મતદાન સમય કોઈ બનાવ ન બને તે માટે ચુસ્તપણે પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

જિલ્લા પંચાયતની કુલ ૫૫ બેઠકો છે. ગત ચૂંટણીમાં જેમાં કોંગ્રેસના ૨૯ અને ભાજપના ૨૬ સભ્યો ચુંટાયા હતા. જોકે કોંગ્રેસના ત્રણ સભ્યોને પક્ષાંતરધારા હેઠળ બરતરફ કરાતાં તેમનું સંખ્યાબળ ૨૬ થયું હતું. જ્યારે ઢીમા બેઠકના કોંગ્રેસના સદસ્યને ત્રણ બાળકોના મુદ્દે બરતરફ કરાતા હાલ ૨૫ સદસ્યો છે. આમ હાલમાં જિલ્લા પંચાયતમાં ભાજપના ૨૬ અને કોંગ્રેસના ૨૫ સદસ્યો હોવાથી જિલ્લા પંચાયતમાં ભાજપને સત્તા ટકાવી રાખવા માટે જીતવી ખુબ જરૂરી છે. ત્યારે હવે જિલ્લા પંચાયતની ઢીમા બેઠક કોને ફાળે જાય તે જોવાનું રહ્યું.

બનાસકાંઠા જિલ્લા પંચાયત તેમજ પાલનપુર જગાણા તાલુકા પંચાયત અને વડગામ તાલુકા પંચાયતની ખાલી પડેલી ચાર બેઠકોની પેટા ચૂંટણીનું મતદાન શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થયો હતો.

પાલનપુર તાલુકા પંચાયતની ૧૧ જગાણા તાલુકા પંચાયતના ભાજપના સદસ્ય મનુભાઈ પ્રજાપતિનું નિધન થતા ખાલી પડેલી જગ્યા માટે ચૂંટણી યોજાઈ હતી. આ ઉપરાંત વડગામ તાલુકાના નાંદોત્રા તાલુકા પંચાયત બેઠક ઉપર કોંગ્રેસમાંથી જીતેલા જીતેન્દ્ર સોલંકી અને તેનીવાડા બેઠકના કોંગ્રેસના સદસ્ય અબ્દુલ ધૂધવાળાનું નિધન થતાં ખાલી પડેલી બેઠકોની પેટા ચૂંટણીમાં નાંદોત્રા બેઠક પર ચૂંટણી યોજાઈ હતી.

આજે પાલનપુર તાલુકા પંચાયતની પેટા ચૂંટણી બેઠક પર ભાજપ ઉમેદવાર હરેશભાઈ ચૌધરી જ્યારે કોંગ્રેસ ઉમેદવાર ભેમજીભાઈ ચૌધરી વચ્ચે ચૂંટણી જંગ ખેલાયો છે. ભાજપ અને કોંગ્રેસના બંને ઉમેદવારોએ પોતાની જીતનો દાવો કર્યો હતો.

# મેઘરજમાં પ્રજાસેતુ કાર્યક્રમમાં પોલીસે વિદ્યાર્થીને ઢોર માર માર્યો



ઈસરી, તા. ૨૪

મેઘરજ મામલતદાર કચેરીમાં મંત્રી વસુબેન ત્રિવેદીના અધ્યક્ષ સ્થાને પ્રજાસેતુ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. ત્યારે આ મંત્રીના આવવાના સમયે કચ્છથી મેઘરજ પેસેન્જર જીપમાંથી આઈ.ટી.આઈ.માં અભ્યાસ કરતા ખોખરીયા જિગ્નેશભાઈ શંકરભાઈ રહે. બોરખાડ, ઉં. વ. ૨૨ વર્ષ તેઓ ત્રણ રસ્તા પર ઉતરી સામે આવેલ એક ઠંડા પીણાની દુકાનમાંથી પાણીની બોટલ લઈ આવતો હતો તે દરમ્યાન મેઘરજ ત્રણ રસ્તા પાસે કોઈ અજાણ્યા બાઈક સાથે પોલીસની ચકમક ચાલતી હોઈ તે અરસામાં જીગ્નેશ ત્યાં થઈને નીકળતા મેઘરજ જમાદાર આ અભ્યાસ કરતા વિદ્યાર્થી જીગ્નેશ પર લાકડી લઈ ત્રાટક્યા હતા અને તેને બેરહેમીપૂર્વક લાકડીથી ઢોર માર માર્યો હતો. જેથી આ વિદ્યાર્થીને માથાના ભાગે ગંભીર ઈજાઓ થતા તે બેભાન થઈ જમીન પર ઢળી પડ્યો હતો. ત્યારે તેજ પોલીસે તેને સારવાર અર્થે સરકારી દવાખાને પહોંચાડ્યો હતો. આ બનાવ અંગે આ જિગ્નેશના કાકા રાજેશભાઈ ખોખરીયાએ મેઘરજ પોલીસને લેખીતમાં જાણ કરી હતી.

અત્રે ઉલ્લેખનીય તો એ છે કે પોલીસ એ સેવા, સુરક્ષા અને શાંતિના દૂત હોય છે ત્યારે આવા શબ્દોને ભુલી નિર્દોષ પ્રજા પર લાકડીઓનો વરસાદ વરસાવી ઢોર માર મારતી પોલીસતંત્ર સામે પ્રજાજનોમાં રોષની લાગણી ભભુકી ઉઠી છે.

# મેઘરજ મામલતદાર કચેરી ખાતે લોક સંવાદ સેતુ કાર્યક્રમ યોજાયો

ઈસરી, તા. ૨૪

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકામાં શનિવારના રોજ બપોરના ૩ કલાકે મામલતદાર કચેરી મેઘરજ ખાતે રાજ્યકક્ષાના મંત્રી શ્રીમતિ વસુબેન ત્રિવેદીના અધ્યક્ષ સ્થાને લોકસંવાદ સેતુ કાર્યક્રમ યોજાયો હતો.

પ્રાપ્ત વિગત મુજબ આ યોજાયેલા લોક સંવાદ સેતુ કાર્યક્રમમાં અગાઉથી લેખીતમાં લેવાયેલા ૧૩૪ પ્રશ્નો રાજ્યકક્ષાના મંત્રી વસુબેન ત્રિવેદી સમક્ષ પુછવામાં આવ્યા હતા. તેમાં મુખ્યત્વે સિંચાઈ, પાણી, રસ્તા, વીજળી, એસ.ટી બસ, જમીન, આંગણવાડી મકાન, ગરીબી રેખા હેઠળ જીવતા લોકોને પંચાયતો દ્વારા આપવામાં આવતા મફત ઘરથાળના પ્લોટ અને વહિવટી પ્રશ્નો જેવા વગેરે પ્રશ્નો આ યોજાયેલા કાર્યક્રમમાં પુછવામાં આવ્યા હતા અને મંત્રીશ્રીએ લોકો દ્વારા પુછવામાં આવેલા પ્રશ્નોનું નિરાકરણ શાંત ચિત્તે પ્રજાને સાંભળી અને જે તે વિભાગના વહિવટી અધિકારીઓને લોકોના પ્રશ્નો અંગેનો જવાબ લઈ સંતોષકારક રીતે ૧૦૩ પ્રશ્નોનું નિરાકરણ લાવવામાં આવ્યુંહતું. જ્યારે ૩૧ પ્રશ્નો નિતિવિષયક તેમજ પ્રોસેસમાં છે. જેમાં મંત્રીશ્રીએ બેંકને લગતા એક પ્રશ્ન અંગે તપાસ કરવાનો આદેશ કરવામાં આવ્યો હતો. તેવા આ લોકસંવાદ કાર્યક્રમમાં જિલ્લા કલેક્ટર એસ. છાકછુઆક, જિલ્લા વિકાસ અધિકારી સુધીર પટેલ, જિલ્લા પોલીસ અધિક્ષક કે.એન. ડામોર, જિલ્લા ભાજપ સંગઠન પ્રમુખ રણવીરસિંહ ડાભી, મેઘરજ ભીલોડા ધારાસભ્ય અનિલ જોષીયારા તેમજ મેઘરજ તાલુકાના રાજકીય આગેવાનો તથા ગામડાઓમાંથી આવેલ પ્રજાજનો સહિત જે તે વિભાગના તમામ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમનું સંચાલન મેઘરજ માલતદાર આર.કે. ઓઝા અને તાલુકા વિકાસ અધિકારી મૌલીક શર્મા દ્વારા સફળ રીતે કરવામાં આવ્યું હતું.



## મડાસણા ગામે સર્પદંશથી બાળકીનું મોત

મડાસણા ગામના દિનેશભાઈ કાળાભાઈની પુત્રી ધરતીબેન શનિવારે સવારના સમયે પોતાના ઘરની બાજુમાં દાતણ કરતી હતી ત્યારે ઘરની પાસે કરેલા પથ્થરના ઢગલામાંથી અચાનક સાપ નિકળતા દાતણ કરી રહેલી ધરતીબેનના જમણા પગે ડંખ મારતા ધરતીબેને બુમરાણ મચાવતા પરીવારજનો અને આજુબાજુમાંથી લોકો દોડી આવ્યા હતા તાબડતોબ મેઢાસણ રેફરલ હોસ્પિટલમા કમનસીબે ધરતીબેનનું મોત નિપજ્યું હતું.

# સાબરકાંઠા જિલ્લામાં ફરજ બજાવતા પાંચ ગુટલીબાજ શિક્ષકોને નોટીસ

હિંમતનગર, તા. ૨૪

સાબરકાંઠા જિલ્લા પંચાયત હસ્તકની કેટલીક પ્રાથમિક શાળાઓમાં ફરજ બજાવતા શિક્ષકો અનિયમિત અને ફરજ પ્રત્યે બેદરકાર હોવાનું માલૂમ પડતા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીએ પાંચ શિક્ષકોને કારણદર્શક નોટીસ આપી ખુલાસો માંગતા ગુલ્લીબાજ શિક્ષકોમાં ફફડાટ ફેલાયો છે.

આ અંગે પ્રાથમિક શિક્ષણ વિભાગના સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ સાબરકાંઠા જિલ્લામાં આવેલી પ્રાથમિક શાળાઓમાં ફરજ બજાવતા શિક્ષકો નિયમિત રીતે શાળામાં ફરજ બજાવતા ન હોવાથી બાળકોની શિક્ષણની ગુણવત્તા અત્યંત નબળી હોવાનું શાળા ગુણોત્સવ કાર્યક્રમમાં માલૂમ પડી હતી. આ અંગે કેટલાક ગ્રામજનોએ પણ લેખિતમાં રજુઆત કરી ગુલ્લીબાજ શિક્ષકોને અન્ય શાળામાં મોકલી આપવા માટેની લેખિત રજુઆત પણ કરી હતી. જેના અનુસંધાને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી ડૉ. બિપીનચંદ્ર ત્રિવેદી દ્વારા તમામ તાલુકા કેળવણી નિરીક્ષકોને તાકીદ કરી સમયસર શાળામાં ફરજ બજાવતા ન હોય તેવા શિક્ષકોની તપાસ કરવા આદેશ કર્યો હતો. જે અંતર્ગત તાલુકા કેળવણી નિરીક્ષકોએ તપાસ કરી અને અહેવાલ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી સમક્ષ રજુ કર્યો હતો.

આ અંગે વધુ માહિતી આપતા ઈન્ચાર્જ જિલ્લા શિક્ષણાધિકારી ડૉ. બિપીનચંદ્ર ત્રિવેદીએ જણાવ્યુ હતું કે પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા શિક્ષકો નિયમિત રીતે શાળામાં આવીને બાળકોને સારુ શિક્ષણ આપે તે ખૂબ જ મહત્વનું છે. સરકારી પ્રાથમિક શાળાઓમાં ફરજ બજાવતા શિક્ષકો ખૂબ જ સુંદર કામગીરી કરતા હોય છે. પરંતુ તેમ છતાં કેટલાક શિક્ષકો ફરજ પ્રત્યે બેદરકારી દાખવી સમયસર શાળામાં ફરજ બજાવતા ન હોવાની લેખિત અને મૌખિક રજુઆતના પગલે તપાસ કરતા પાંચ શિક્ષકો વિરૂધ્ધ શિક્ષાત્મક કાર્યવાહી કરવાનો નિર્ણય લેવાયો છે. પ્રથમ તબક્કામાં આવા પાંચ શિક્ષકોને કારણદર્શક નોટીસ પાઠવીને ખુલાસો રજુ કરવા જણાવ્યુ છે.

આગામી દિવસોમાં વાર્ષિક પરીક્ષાનું પરિણામ તૈયાર કરવામાં શિક્ષકો વ્યસ્ત બનવાના છે ત્યારે તેવા સમયે ગુલ્લીબાજ શિક્ષકોને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીએ નોટીસ ફટકારી ખુલાસો માંગતા શિક્ષક આલમમાં ચર્ચા જોવા મળી છે.



## અરવલ્લી જિલ્લા યુવા વણકર સેવા સંગઠન દ્વારા મફત સર્વ રોગ નિદાન કેમ્પ યોજાયો

અરવલ્લી જિલ્લાના યુવા વણકર સેવા સંગઠન દ્વારા રવિવારે મોડાસા તાલુકાના કોલીખડ ગામે મફત સર્વે રોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઉત્તર ગુજરાતમાં આરોગ્ય નગરી તરીકે જાણીતા મોડાસા શહેરના ખ્યાતનામ તબીબ ડૉ. કલ્પેશ ચારેલ (એમ.એસ. ઓર્થો), ડૉ. શકિલ મેમણ (એમ.એસ), ડૉ. નઈમ કાજી (એમ.ડી.), ડૉ. જલ્પાબેન ચૌધરી (સ્ત્રી રોગ નિષ્ણાત) અને ડૉ. ઈમરાન પઠાણ (દંત ચિકિત્સક)ના સહયોગથી તેમજ મોડાસા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા આ મફત રોગ નિદાન કેમ્પમાં કોલીખડ ગામના ગ્રામજનો અને આજુબાજુના ગામડના ૩૧૦થી વધુ દર્દીઓએ લાભ લીધો હતો. અરવલ્લી જિલ્લા યુવા વણકર સંગઠનના યુવા સદસ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કોલીખડ ગામના યુવાનો દ્વારા સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન કર્યું હતું. મફત સર્વે રોગ નિદાન કેમ્પમાં સારવાર અર્થે આવેલા દર્દીઓએ યુવા સંગઠનના સેવાકીય કાર્યની સરાહના કરી હતી. યુવા સંગઠનના સદસ્યોએ જણાવ્યું હતું કે વર્ષ દરમિયાન સમગ્ર સમાજ અને અન્ય સમાજના ગરીબ અને જરૂરીયાતમંદવાળા લોકોને ઉપયોગી અને મદદરૂપ કાર્યક્રમનું આયોજન કરવામાં આવશે.



## ખંભીસર ટેલિફોન એક્ષચેન્જમાં ચોરી, બેટરીઓ ઉઠાવી ગયા

મોડાસા તાલુકાના ખંભીસર ગામે હાઈવે રોડ પર આવેલા ટેલિફોન એક્ષચેન્જમાં શુક્રવારની રાત્રે તસ્કરોએ નિશાન બનાવી એક્ષચેન્જમાં તોડફોડ કરી તસ્કરી કરી હતી. મોડાસા રાજેન્દ્રનગર હાઈવે રોડ પર આવેલા ખંભીસર ગામના બસસ્ટેશન પાસે આવેલા ટેલિફોન એક્ષચેન્જને શુક્રવારની રાતે તસ્કરોએ નિશાન બનાવી એક્ષચેન્જના દરવાજાનું તાળુ તોડીને અંદર પ્રવેશ કરી ટેલિફોન એક્ષચેન્જમાં તોડફોડ કરી હતી અને બોક્ષમાં ફીટ કરેલી ૩૯ બેટરીઓ કુલ કિંમત રૂ. ૩૮ હજારની ઉઠાવી ગયા હતા. વહેલી સવારે ઘટનાની જાણ થતા ઘટનાસ્થળે લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા. આ ઉપરાંત બીએસએનએલ અધિકારી અને કર્મચારીઓ પણ આવી પહોંચ્યા હતા અને બનાવની જાણ મોડાસા રૂરલ પોલીસને કરતાં પોલીસ પણ ઘટનાસ્થળે પહોંચી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# પીટીસીના પ્રશ્નપત્રમાં ગંભીર ભુલો

મોડાસા, તા. ૨૪

રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા પીટીસીના પ્રથમ વર્ષ અને દ્વિતીય વર્ષની વાર્ષિક પરીક્ષાઓ હાલ ચાલી રહી છે. પ્રાથમિક શિક્ષક (ધોરણ ૧ થી ૫માં) બનવાનો એકમાત્ર વિકલ્પ એ ડી.એલ.એડ. (પીટીસી)નો અભ્યાસક્રમ છે.

દ્વિતીય વર્ષમાં ગુજરાતીના પ્રશ્નપત્રમાં તેર જેટલી ભુલો જોવા મળી હતી. જે શિક્ષકો તૈયાર કરતી પરીક્ષામાં આવી ભુલો થવી અક્ષમ્ય છે. તેમ લાટીવાળા ડી.એલ.એડ. કોલેજના પ્રિન્સિપાલ ડૉ. સંતોષ દેવકરે જણાવ્યું હતું. રાજ્ય પરીક્ષા બોર્ડે આ બાબતને ગંભીર રીતે ધ્યાને લેવી જોઈએ.

જોડણીની ભુલો, વાક્યરચનાની ભુલો અને પ્રશ્ન રચનાની ભુલો જેવી તેર જેટલી ભુલો જોવા મળી હતી. કવિશ્રી પ્રહલાદ પારેખની કવિતા કાવ્ય સમીક્ષા માટે મુકી છે તેમાંય ભુલો છે. જે બાબત બરાબર નથી.

ભાવિ પ્રાથમિક શિક્ષકો તૈયાર કરવાની જવાબદારી જીસીઈઆરટી અને પ્રાથમિક શિક્ષણ નિયામકની છે, જ્યારે પરીક્ષા લેવાની જવાબદારી રાજ્ય પરીક્ષા બોર્ડની છે. રાજ્ય પરીક્ષા બોર્ડ તેના છબરડાઓ માટે સુવિખ્યાત છે. માતૃભાષા ગુજરાતીમાં તેર જેટલી ભુલો હોય તે પ્રશ્નપત્રની યથાર્થતા કેટલી ? વગેરે જેવા સવાલો પેદા થાય છે. ભૂતકાળમાં તો કેટલાય શિક્ષકો કે જેમનો મૂળ વિષય ન હોવા છતાં અન્ય વિષયની જવાબવહીઓ તપાસવાના કિસ્સા બનેલા છે. તેવી અધ્યાપકોની અંદરો-અંદરની ચર્ચા દ્વારા જાણવા મળે છે.